**INTERNATIONAL LEPROSY UNION-HEALTH ALLIANCE**

ILU-HA

C/o. CASP BHAVAN : Survey No. 132/2, Plot No. 3, Pashan Baner Link Road,
Pune 411 021. INDIA Tel. : 32317932
E-mail : ilupune@gmail.com Website : www.ilu.org.in

Hon. Justice **Chandrashekhar Dharmadhikari,** (Retd.) Patron | **Mr. Ram Naik** President | **Dr. S. D. Gokhale** Hon. President

**Mr. R. H. Belavadi** Vice - President | **Maj. Dr. Pradip Gaikwad** Ex-Director | **Dr. Dilip Satbhai** Hon. Treasurer | **Mrs. R. S. Gokhale** Hon. Secretary

**કૃપાકરી પ્રસિધી માટે** **૨૧ ડિસેંબર ૨૦૧૨**

## કુષ્ઠપીડિતો પર અન્યાય કરનારા જૂના કાયદા બદલવાનું
## કેંદ્રિય કાયદા મંત્રાલય સચિવ નું આશ્વાસન

**મુંબઈ,શુક્રવાર :** કુષ્ઠપીડિતો પર સામાજીક અન્યાય અને ભેદભાવ કરનારા સોળ કાયદાઓ બદલવા માટે નકકર પગલાં ભરવા નું આશ્વાસન ભારત સરકારના કાયદા મંત્રાલયનાં સચિવ શ્રી પી.કે. મલહોત્રાએ આંતરરાષ્ટ્રીય કુષ્ઠપીડિત સંગઠનનાં પ્રતિનિધીમંડળ ને ગુરૂવારે મુંબઈ ખાતે આપેલ છે. સંગઠનના અધ્યક્ષ અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકના નેતૃત્વ તળે ગયેલ પ્રતિનિધીમંડળમાં મહારાષ્ટ્રના નિવૃત્ત કાયદા મંત્રાલયના મુખ્ય સચિવ શ્રી વ્હી.કે. દેશપાંડે, સંગઠનના અધ્યક્ષ અને મહારાષ્ટ્રના નિવૃત્ત કારાગૃહ મહાસંચાલક શ્રી રામ બેલવડી, સંગઠનના કાર્યકારી સંચાલક અને આરોગ્ય વિભાગના કુષ્ઠ અને ક્ષય વિભાગના નિવૃત્ત સંયુકત સંચાલક મેજર ડૉ.પ્રદીપ ગાયકવાડ તેમજ સંગઠનના કાર્યક્રમ અધિકારી શ્રી સંકેત ચિપલૂણકરનો સમાવેશ હતો. આ મુજબની માહિતી સંસ્થાની અખબારી યાદીમાં આપેલ છે.

આ બાબતે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, ‘‘કુષ્ઠપીડિતોના સશકતીકરણ માટે દેશના કુષ્ઠપીડિતોના ક્ષેત્રમાં કામ કરનારી સ્વયંસેવી સંસ્થાઓવતી રાજયસભાને ૪ ડિસેંબર ૨૦૦૭ ના 'વિનંતી અરજી' રજૂ કરવામાં આવી હતી. આ અરજી બાબતે અભ્યાસ અને ચર્ચા કરી, તેમજ દેશની અમુક કુષ્ઠપીડિતોની વસાહતો ની મુલાકાત લઈ વિનંતી અરજી સમિતીએ ૨૪ ઑકટોબર ૨૦૦૮ રાજયસભા ને અહેવાલ રજૂ કર્યો હતો. આ અહેવાલ ની સિફારશ બદલ વિવિધ મંત્રલય પાસેથી થયેલ કાર્ય બદલ કૃતી અહેવાલ (ઍકશન ટેકન રિપોર્ટ) ૨૨ નવેંબર ૨૦૧૦ ના રાજય સભામાં રજૂ કરવામાં આવ્યો. ત્યારબાદ સિફારશ પર પ્રત્યક્ષ અમલબજાવણી થાય તે માટે વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહને ચાર પત્રો મોકલવામાં અને રાષ્ટ્રપતી શ્રીમતી પ્રતિભા પાટીલની ૧૪ સપ્ટેંબર ૨૦૧૧ અને ૧૫ જૂન ૨૦૧૨ ના રૂબરૂ મુલાકાત લઈ ચર્ચા કરવામાં આવી. રાષ્ટ્રપતી એ યોગ્ય તે કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું, પરંતુ કેંદ્ર સરકાર પાસેથી પ્રત્યક્ષ કાર્યવાહી ની શુરૂઆત થઈ નહીં. ’’

..૨..

Registered under Bombay Public Trust Act 1950 : Registration No. F-4367 (Pune)
The Societies Registration Act, 1860 Registration No. Maharashtra/3301/1987/Pune

‘‘કુષ્ઠપીડિતો પર પક્ષપાત કરી અન્યાય કરનારા કુલ સોળ કાયદા હોઈ તેમાં સુધારો કરવાની વિનંતી અરજીમાં કરવામાં આવી હતી. પહેલાં કુષ્ઠરોગ એક અસાધ્ય અને સંસર્ગજન્ય માનવામાં આવતો હતો, તેથી કુષ્ઠપીડિતો ને કુટુંબમાં થી બહાર કાઢી મૂકવામાં આવતા હતા. કુઠરોગ થવાથી છૂટાછેડા પણ આપવામાં આવતા હતા, રેલ્વે અને બસ પ્રવાસો પર પ્રતિબંધ છે, ભિખ માગવા પર પ્રતિબંધ મુકી તેમના માનવી હકકોની પાયમાલી થાય છે, અપંગ પુનર્વસન  કયદામાં પણ તેમને સગવડો મળતી નથી, વગેરે અનેક અગવડો નો તેમને સામનો કરવો પડે છે. પાછલાં અમુક વર્ષોમાં તબીબી સંશોધનોને કારણે હવે કુષ્ઠરોગ સારો થાય છે  તેમજ તે ચેપી પણ રહ્યો નથી. તેથી હવે જૂના કયદાઓ બદલવાની જરૂર ઊભી થઈ છે. અમારા પ્રતિનિધીમંડળે ૧૦ ડસિંબર ૨૦૧૨ ના કાયદા મંત્રી શ્રી અશ્વિનીકુમાર સાથે દિલ્લી ખાતે ચર્ચા કરી. તેવેળાં કાયદા મંત્રાલયના સચિવ શ્રી પી.કે. મલ્હોત્રા હાજર હતા. કયદા પ્રધાને આ વિષય પર ધ્યાન આપવાનું આશ્વાસન આપ્યું. તે મુજબ કાયદા મંત્રાલયના સચિવ શ્રી મલ્હોત્રા સાથે મુંબઈ ખાતે ગુરૂવારે પ્રત્યેક કાયદામાં સૂધારણા કરવા બાબતે સવિસ્તર ચર્ચા થઈ. ચર્ચા ને અંતે ૧૬ કાયદામાં સૂધારા કરવા માટે ઠોસ પગલાં ભરવામાં આવવાની શરૂઆત કરવામાં આવશે તેવું ચોકખું આશ્વાસન શ્રી મલ્હોત્રાએ આપ્યું છે, તેવી માહિતી શ્રી રામ નાઈકે આપેલ છે. ’’

‘‘આપેલ આશ્વાસન ની કાર્યવાહી કાળબધ્ધ સ્વરૂપે કરી કુષ્ઠપીડિતો ને હવે તો ન્યાય મળશે, ’’ તેવો વિશ્વાસ શ્રી રામ નાઈકે અખબારી યાદી ને અંતે કરેલો છે.

**( કાર્યાલય સચિવ )**